91

**પી.એસ.આઈ. અને લોકરક્ષક સંવર્ગની સીધી ભરતીથી ભરવાની જગ્યાઓ બાબત.**

*15/3/404 **શ્રી ચિરાગકુમાર પટેલ** (ખંભાત): **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૭/૨૦૨૩ની સ્થિતિએ પોલીસ ખાતાની પી.એસ.આઇ. અને લોકરક્ષક સંવર્ગમાં ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે અલગ ભરતી બોર્ડની રચના ક્યારે કરવામાં આવેલ છે, | (૧) ગૃહ વિભાગના તા.૧૭/૦૫/૨૦૨૩ના ઠરાવથી પી.એસ.આઇ. અને લોકરક્ષક સંવર્ગમાં ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે અલગ ભરતી બોર્ડની રચના કરવા વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સીધી ભરતીથી ભરવામાં આવતી ખાલી જગ્યાઓ કેટલા વર્ષ માટે કેટલા વેતનથી નિમણુંક આપવામાં આવે છે, અને | (૨) સામાન્ય સંજોગોમાં કર્મચારીની નિમણૂક, તેઓ સેવામાં હાજર થયેથી વયનિવૃત્તિની વય મર્યાદા સુધી પહોંચે ત્યાં સુધી કરવામાં આવે છે.<br>- પો.સ.ઈ. સંવર્ગોમાં પ્રથમ પાંચ વર્ષ માટે રૂા.૩૯,૯૦૦/ના ફીક્સ વેતનથી અને ત્યારબાદ રૂા.૩૯,૯૦૦- રૂા.૧,૨૬,૬૦૦/-ના પે બેન્ડમાં નિયમિત નિમણૂક આપવામાં આવે છે.<br>- લોકરક્ષક સંવર્ગોમાં પ્રથમ પાંચ વર્ષ માટે રૂા.૧૯,૯૫૦/-ના ફીક્સ વેતનથી અને ત્યારબાદ રૂા.૫૨૦૦- રૂા.૨૦,૨૦૦/-ના પે બેન્ડમાં નિયમિત નિમણૂક આપવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત બોર્ડની કેટલી જગ્યાઓ પર નિમણુંક થયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે? | (૩) ૦૪(ચાર) જગ્યાઓ ઉપર નિમણૂંક થયેલ છે.<br>- ૦૩(ત્રણ) જગ્યાઓ ખાલી છે. |

-------------